**પ્રિયકાન્ત દલાલની દીકરી સાથે ભણતી નવ વર્ષની એક બાળકી એક સાંજે શાળાએથી ઘેર પાછી આવતી નથી. પછીથી એનો ક્ષતવિક્ષત લોહિયાળ દેહ જ મળે છે. પ્રિયકાન્ત પોતે જ્યાં મેનેજર છે તે સહકારી કિરાણા ભંડારમાં એક શંકાસ્પદ માણસને જુએ છે. અપરાધીનું વર્ણન મળેલું, એવો જ કાંઈક આ માણસ છે. એના હાથના પંજા અને કાંડા પર ઉઝરડાનાં નિશાન છે!**

# તંગદિલ અવસ્થાને એની હાસ્યના આવરણ હેઠળ ઢાંકવાની કોશિશ...

## નરાધમઃ 4

રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

આગંતુકે ખાખરાનાં પેકિંગ જોઇ લીધાં એટલી વારમાં પ્રિયકાન્ત એની નજીક પહોંચી ગયો હતો. પેલાએ પેકેટ પાછું મૂકવા માટે વળી હાથ ઊંચો કર્યો અને એના ઉઝરડા ખુલ્લા થયા. તરત જ પ્રિયકાન્તે સાધારણ વાત કરતો હોય એમ કહ્યું, ‘ખાખરા સાવ તાજા છે. ગઇ કાલે જ સ્ટોક આવ્યો. અરે તમારે હાથે તો આ... આ બહુ ઊંડા ઉઝરડા પડ્યા છે.

‘હં...?’ પેલાએ જરાક સર્તક થતાં, હાથ ઉતાવળે નીચો કરી નાખતાં પ્રિયકાન્ત સામે જોયું. ‘અરે, આ ઉઝરડા... અમે હમણાં એક કૂતરો પાળ્યો છે.’

‘સાચી વાત,’ પ્રિયકાન્તે બહાનું સ્વીકારી લેતાં હોય એમ કહ્યું. ‘એટલે જ આપણા વડવા કૂતરા-બિલાડા પાળવાની ના પાડતા હતા. પેલો દોહરો જાણો છો ને... સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુઃખ... યાદ છે ને? આજકાલ તો દિલ્હીની સુપ્રીમ કોર્ટ સુધી કૂતરાંનું કમઠાણ પહોંચ્યું છે!’

‘વહેલો મોડો મારે એ કૂતરાને પતાવી દેવો પડશે, એવું લાગે છે,’ આગંતુકે જાહેર કર્યું.

પ્રિયકાન્ત હસી પડ્યો. એ પોતાની તંગદિલ અવસ્થાને હાસ્યના આવરણ હેઠળ ઢાંકવા કોશિશ કરી રહ્યો હતો. એને એક બાબતની ખાતરી થઇ ગઇ હતીઃ આ માણસના હાથ-કાંડાના આ ઉઝરડા કોઇ કૂતરાના પંજાના નહોતા. ઉઝરડાઓ વચ્ચેના ગાળા વધારે પહોળા હતા.

આદમી જૂઠું બોલતો હતો.

એટલી વારમાં ગ્રામશિલ્પના કાઉન્ટર પર કામ કરતી સેલ્સ ગર્લ ગ્રામોદ્યોગની એક આઇટમનો છેવટમાં છેવટનો ભાવ પૂછવા આવી. પ્રિયકાન્ત એને ભાવ અંગેની સૂચનાઓ આપતો રહ્યો એટલી વારમાં પેલો આદમી આગળ વધ્યો. ખાખરા ખરીદવાનું એણે મુલત્વી રાખ્યું લાગ્યું. હવે એ ભંડારના વચ્ચેના કાઉન્ટર સામે ઊભો રહ્યો. આ દવાઓનું કાઉન્ટર હતું. આદમી કદાચ પેલા ઉઝરડા માટે દવા ખરીદવા માગતો હશે. ત્યાં ઊભા ઊભા એણે પોતાના ખભા પરથી પાછળ પ્રિયકાન્ત ભણી એક ઉતાવળી નજર ફેંકી. એ એક જ નજરે પ્રિયકાન્તને ઉશ્કેરી મૂક્યો. એ નજર કદાચ એના અપરાધભાવમાંથી જન્મી હતી. એણે નક્કી કર્યું કે આ માણસની વધારે તપાસ કરવી જોઇએ.

પ્રિયકાન્ત જલદી જલદી કિરાણાઘરને બાજુને દરવાજે ગયો ત્યાં ઉભેલા ચોકીદારને એણે સૂચવ્યું કે મારે અચાનક જ બારોબાર બહાર જવું પડે એમ છે. મને પાછા વળતાં વાર લાગે તો તમે સમયસર કાળજીથી ભંડાર બંધ કરીને ચાવીઓ તમારી પાસે રાખજો.

એ પછી એણે પેલા આદમી માટે ભંડારમાં નજર ફેરવી. હવે એ બેકરીના કાઉન્ટર સામે ઊભો હતો. નક્કી બ્રેડ બિસ્કિટ ખરીદતો હશે. પ્રિયકાન્તે એનો પીછો કરવાનું નક્કી કરી નાખ્યું હતું. અલબત્ત એ જ ચૌધરી ચાચા હોય એવી સંભાવના હજારે એકની પણ નહોતી. છતાં... એના ઉઝરડા... એ ઉઝરડા અંગેનુંએનું જૂઠ, અને ખભાની પાછળ ઉતાવળી, જરાક બહારી નજર નાખવાની ચેષ્ટા... એ બધાને કારણે એ શંકાસ્પદ ઠરતો હતો. અનુસરવા યોગ્યો.

પ્રિયકાન્ત બાજુને દરવાજેથી બહાર નીકળ્યો. જઇને ભંડારને ખૂણે ઊભો રહ્યો. પેલા બહાર નીકળે એટલે એનો પીછો પકડવા એ થનગની રહ્યો.

અત્યારે તો એનો હેતુ જો એ માણસની મોટરગાડીનું મોડેલ અને રંગ જોવાનો હતો. એ ગાડી અગર આઇ-ટેન હોય તો પછી એનો રજિસ્ટ્રેશન નંબર જોવાનો હતો. જો એ જ મોડેલની ગાડી હોય તો એ રજિસ્ટ્રેશન નંબર પોલીસને જણાવવાનો હતો. એથી પોલીસનું સંશોધન કામ સહેલું બની જાય. પોતે નાગરિક ધર્મ બજાવ્યાનો સંતોષ લઇ શકે.

પેલો એકાદ મિનિટમાં જ નીકળ્યો. પણ ભંડારની સામેના ચોકમાં જ્યાં બધી મોટર ગાડીઓ ઊભી રહેતી તે તરફ જવાને બદલે ચાલતો જવા લાગ્યો. એ આશ્રમ રોડ છોડીને શહેરની પશ્ચિમ દિશા તરફને માર્ગે વળ્યો, અને ચાલતો જ રહ્યો. એટલે કે એ મોટરવાળો નહોતો અને જો એમ હોય તો એ ચૌધરી ચાચા નહોતો!

અલબત્ત, એમ પણ બને કે અત્યારે મોડી સાંજની વેળા એ ગાડી વગર નીકળ્યો હોય. માત્ર થોડી ખાવાપીવાની સામગ્રી જ લેવા નીકળ્યો હોય. વળી કદાચ અહીં ઠીક ઠીક નજીક એ રહેતો હોય. થોડીક ચાલવાની ટેવ પણ ચાલુ રાખવા માગતો હોય... પણ એનોપીછો છોડી દેવા કરતાં પીછો ચાલુ રાખવા માટે વધુ બળવત્તર કારણ હતા પેલા ઉઝરડા.

નવરંગપુરા બસ સ્ટેશનના ચોકથી વળી એ માણસે દિશા બદલી. હવે એ ઉત્તર તરફ ચાલવા લાગ્યો. કદાચ સ્ટેડિયમ ભણી જતો હોય. પરંતુ રસ્તો ક્રોસ કરીને એ ઊભો રહ્યો. એણે ગરદન ફેરવીને પોતાવી પાછળ ઝીણી નજરે જોયું. પછી વળી આગળ ચાલ્યો. પ્રિયકાન્તને લાગ્યું કે એણે મને જોયો નથી. એણે વળી સલામત અંતર જાળવીને એ માણસની પાછળ પાછળ ચાલવા માંડ્યું.



સ્ટેડિયમ પાંચ રસ્તાથી આદમી પશ્ચિમ ભણી વળ્યો અને વિવિધ સોસાયટીઓ વચ્ચેની ગલીઓ ઓળંગતો ચાલવા લાગ્યો. એ નજર બહાર ન જાય એ માટે પ્રિયકાન્તે બંને વચ્ચેનું અંતર સહેજ ઘટાડવું પડ્યું. અંધારું પણ થઇ ગયું હતું. અહીં અંદરના વિસ્તારમાં ક્યાંક ક્યાંક રોડની વીજળી બત્તીઓ પણ નહોતી. માણસ કઇ ગલીમાં સરકી જાય એ કદાચ ખ્યાલમાં ન પણ રહે.

**સ્ટેડિયમ પાંચ રસ્તાથી આદમી પશ્ચિમ ભણી વળ્યો અને વિવિધ સોસાયટીઓ વચ્ચેની ગલીઓ ઓળંગતો ચાલવા લાગ્યો. એ નજર બહાર ન જાય એ માટે પ્રિયકાન્તે બંને વચ્ચેનું અંતર સહેજ ઘટાડવું પડ્યું. અંધારું પણ થઇ ગયું હતું. અહીં અંદરના વિસ્તારમાં ક્યાંક ક્યાંક રોડની વીજળી બત્તીઓ પણ નહોતી. માણસ કઇ ગલીમાં સરકી જાય એ કદાચ ખ્યાલમાં ન પણ રહે**

આખરે પ્રિયકાન્તે એ માણસને એક ટેનામેન્ટના ઝાંપામાં પેસતાં જોયો. ઝાંપાની બંને બાજુ પરની કમ્પાઉન્ડ વોલ પર બોગનવેલ છવાયેલી હતી. એટલે અંદરનું મકાન અને કમ્પાઉન્ડ જોઇ શકાય એમ નહોતું. આથી પ્રિયકાન્તે જરા ઓર નજીક સરકીને એની હિલચાલ જોવી પડે. એણે જોયું કે એણે ઝાંપામાં પેસીને એના બે આગળિયા અંદરથી વાસ્યા. પછી થોડા ડગલાં ભરીને એ ટેનામેન્ટના વરંડા પર ચડ્યો. પછી બારણાનું તાળું ખોલ્યું અને આગળ પાછળ જોયા વગર ઘરની અંદર જતો રહ્યો.

એટલે કે આ માણસનું તો આ ઘર હતું પરંતુ એ મોટરગાડી ધરાવતો હતો ખરો? અને એ પાછી લાલ રંગની આઇ 10 મોટર હતી ખરી? જો એ નક્કી થાય તો એ પણ નક્કી થાય કે એ ચૌધરી ચાચા છે. એટલું નક્કી થાય પછી પોલીસને જાણ કરાય.

પણ એ નક્કી કરવા માટે ટેનામેન્ટના કમ્પાઉન્ડમાં જવું અનિવાર્ય હતું કારણ કે બૂગનવેલને કારણે બહારથી અને રાતની વેળા એ જાણી શકાય નહિ. છતાં એણે વેલ આઘીપાછી કરીને જોવાનું નક્કી કર્યું.

રોડ લગભગ નિર્જન હતો. પ્રિયકાન્ત નીચો નમીને રોડ ઓળંગીને પેલાની કમ્પાઉન્ડ વોલ નજીક પહોંચ્યો. ઊંચા થઇને વેલ જરાક આઘીપાછી કરી. વોલ પર ઊંચા થવું પડ્યું. પરંતુ શેરીની બત્તીને અજવાળે એણે જોયું કે આંગણામાં એક મોટરગાડી પડી છે! એના આકાર પરથી તો આઇ 10 લાગતી હતી. રંગ કાં તો કાળો, કાં વાદળી, કાં કોઇ ગાઢો લાલ રંગ હતો. જો કે એના મોડેલનો અને નંબરનો જો ખ્યાલ આવી શકે...

પ્રિયકાન્તનું હૃદય જોરજોરથી ધડકતું હતું. ગાડીનું મોડેલ જોવા અને નંબર તપાસવા તો કમ્પાઉન્ડની અંદર જવું પડે. પારકા આંગણામાં ઘુસવું પડે. ટ્રેસપાસ કરવો પડે. પ્રિયકાન્ત પોતાની જિંદગીમાં કદીયે એમ પારકા આંગણામાં ગૂપચૂપ પેઠો નહોતો.

પણ આજ તો એણે હિંમત કરી નાખવા ઠરાવ્યું. બસ, પંદરેક ડગલાં અંદર અને પંદરેક ડગલાં બહાર. એટલો જ સવાલ હતો. એમ કરવાથી મોટરગાડીની પાકી ઓળખ મળી જાય એમ હતું.

એણે આસ્તે રહીને ઝાંપાના પાટિયાંની અંદર હાથ નાખીને આગળિયા નીરવપણે ખોલ્યા. પછી ઝાંપો જરાય કિચુડાટ ન કરી બેસે એવી કાળજીથી ખોલ્યો. કમ્પાઉન્ડની અંદર દાખલ થતાં એનું રૂવેરૂંવું તંગ બની ગયું. શ્વાસ આપમેળે જ થંભી ગયો. ઘડીભર લાગ્યું કે માણસનું ઘર તો શોધી કાઢ્યું છે. પોલીસવાળાઓને એટલું બતાવી દેવું પૂરતું છે. આમ ટ્રેસ પાસ કરવો એ-

પરંતુ તત્ક્ષણ એને મૈથિલી યાદ આવી. મારી સુષમાના જેવડી જ મૈથિલી; નરાધમે કેવી હાલત કરી હતી એની!

પ્રિયકાન્ત મનને ધડિક આગળ ધકેલાયો. ગાડીની નજીક પહોંચ્યો. એનો રજિસ્ટ્રેશન નંબર વાંચવા સહેજ નમ્યો અને ત્યારે જ એની ગરદનને એક ઠંડો ઠંડો પોલાદી સ્પર્શ થયો. ઠંડું ઠંડુ એક લખલખું વિદ્યુતવેગે એના સમસ્ત દેહમાં ફરી વળ્યું. કોઇક બોલ્યું અને એણે સાંભળ્યુંઃ ‘કોણ છે તું? અહીં કેમ આવ્યો છે?’

પ્રિયકાન્ત જવાબ ન આપી શક્યો. માત્ર ફિલ્મોમાં અને ટીવી સીરિયલોમાં જોયા પ્રમાણે એણે હાથ ઊંચા કરી દીધા, કારણ કે એ સમજવું અઘરું નહોતું કે ગરદને ચંપાયેલી ચીજ પિસ્તોલ છે! એણે કમર સીધી કરી અને ચહેરો ફેરવ્યો એટલે પિસ્તોલવાળો બોલ્યો, ‘અચ્છા! તું તો પેલા કિરાણાઘરવાળો છે! મને શંકા તો પડી જ હતી કે કોઇક મારો પીછો કરે છે. ચાલ, ઘરમાં ચાલ! ચૂપચાપ!’

***(વાચક મિત્રો! અપરાધી વિશે માહિતી પોલીસને આપવાનો નાગરિક ધર્મ બજાવતાં પ્રિયકાન્ત મોતના મુખમાં આવી પડ્યો છે. આગામી અઠવાડિયે આ પ્રાસંગિક વાર્તા પૂરી કરીશું.)***